# પ્રાંતિજ નગરપાલિકા દ્વારા લાખ્ખો રૂપિયાના ખર્ચે નંખાયેલ સ્ટ્રીટ લાઈટો જાળવણીના અભાવે માત્ર પોલ જ હયાત

**લાઇટો, વિજવાયરો, તથા વીજપોલમાં લાગેલ ડીપીબોર્ડ પણ ખવાઇ ગયા : લાખ્ખો રૂપિયા નો ખર્ચ છતાંય આ વિસ્તારમાં અંધારપટ : અગાઉ આજ સ્ટ્રીટ લાઇટોના પોલમાં મોટી ગેરરીતિ પણ થઇ હતી**





પ્રાંતિજ તા.૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગર પાલિકા દ્વારા લાખ્ખો રૂપિયા ના ખર્ચે ઉભી કરવામા આવેલ સ્ટ્રીટ લાઈટો યોગ્ય જાળવણી ના અભાવે ડેટ માત્ર પોલ હયાત આ વિસ્તાર મા સ્ટ્રીટ લાઈટ પોલ હોવાછતાંય આ વિસ્તાર મા અંધારપટ પ્રાંતિજ નગરપાલિકા વિસ્તાર મા આવેલ મત્સ્યોદ્યોગ કેન્દ્ર થી વણઝારા વાસ તરફ જતા રસ્તા ઉપર વિકેન્દ્રીત જિલ્લા આયોજન ની ગ્રાન્ટ માંથી ૨૦૧૮।૧૯ હેઠળ નવાધરા થી માર્કડેશ્વર મહાદેવ સુધી ૪,૮૦,૦૦૦ તથા મત્સ્યોદ્યોગ કેન્દ્ર થી રામદેવ નગર વણઝારા વાસ સુધી ૪,૫૦,૦૦૦ મળી કુલ ૯,૩૦,૦૦૦ ના ખર્ચે સ્ટ્રીટ લાઈટ ના વિજપોલ ઉભા કરવામા આવ્યા હતા જેમા ગેરરીતિ સામે આવી હતી અને ૩૧ કિલો ના વજન ની જગ્યાએ માત્ર ૨૧,૭૦૦ નુ વજન નિકળ્યુ હતુ તો ઉભા કરવામા આવેલ ૩૦ થાંભલા ગેલ વેનાઈઝ ના બદલે લોખંડ ના પાઈપ ઉપર કલર અને પાવડર કોટીંગ પણ ન હતુ તો ડેઝેલ ટેકનોલોજી હિંમતનગર અને નગર પાલિકા ના એન્જીનીયર તથા કેટલાક કોર્પોરેટરોની મીલી ભગત સામે આવી હતી અને નગરપાલીકા ના એન્જીનીયર મેધનાબેન દ્વારા શુ

**પહેલા સ્ટ્રીટ લાઈટમાં ભષ્ટ્રાચાર અને હવે પાલિકાની બેદરકારીના અભાવે સ્ટ્રીટ લાઇટો ઉપર લાગેલ લાઇટો, વિજ વાયરો, વીજ ડીપીબોર્ડ પણ ખવાઇ ગયા તો માત્ર હાલ સ્ટ્રીટ લાઇટના પોલ ઉભા છે તો આ વિસ્તારના લોકોએ સ્ટ્રીટ લાઇટ માટે રજુઆત પણ પાલિકામાં કરી છે પણ પાલિકા રજુઆતોને આંખ આડા કાન કરે છે.**

તપાસ કર્યા વગર બીલ કઈ રીતે પાસ કર્યુ તેવા અનેક સવાલો લોકો મુખે ચર્ચાઓએ જોર પકડયુ હતુ તો જેતે સમયે નગરપાલિકા ના બાંધકામ સમિતિ ના ચેરમેન અરવિંદભાઈ પરમાર રેજ સામે આવીને અવાજ ઉઠાવ્યો અને જમીન મા ઉભા કરેલ વિજપોલ ને જમીન માથી બહાર કઢાવી તેનુ વજન કરવામા આવ્યુ હતુ અને ૩૧ કિલો ની જગ્યાએ ૨૧,૭૦૦ વજન નિકળ્યુ હતુ અને આખરે કોન્ટ્રાક્ટર દ્વારા ઉભા કરેલ ૩૦ જેટલા સ્ટ્રીટ લાઈટ ના પોલ બદલવામા આવ્યા હતા તો આ સ્ટ્રીટ લાઈટ ના વિજપોલ ઉપર લાઈટ, વિજપોલ ડીપીબોર્ડ, કે વિજપોલ મા વિજવાયર કશુજ ના હોય ખાલી પોલ એટલો ઉભો છે તો આ વિસ્તાર મા સ્ટ્રીટ પોલ ઉભા કરતા મોટો ભષ્ટ્રાચાર બાદમા ફરી વિજપોલ ઉભા થયા છતાંય પાલિકા ની જાળવણી વગર માત્ર સ્ટ્રીટ લાઈટ ના પોલજ ખાલી હયાત છે ત્યારે આ વિસ્તાર ના રહીશો ને તો લાખ્ખો રૂપિયા ના ખર્ચે પુરી પાડવામા આવેલ સ્ટ્રીટ લાઈટ ની સુવિધાઓ ઉભી કરવા છતાય પાલિકા ના પાપે હજુએ આ વિસ્તાર મા અંધેરા કાયમ રહે તેમ અંધારપટ છે ત્યારે સરકાર આ વિસ્તાર ના લોકો ની સુખાકારી માટે સ્ટ્રીટ લાઈટો પેટે આપવામા આવેલ ગ્રાન્ટ નો પ્રાંતિજ પાલિકા જાળવણી અને યોગ્ય મેન્ટેનન્સ ના અભાવે આ ના લોકો છતાંય સ્ટ્રીટ લાઈટ ના વિજપોલે હાલ તો આ વિસ્તાર ના લોકો અંધારામાં રહેવા મજબૂર બન્યા છે.

**પાલનપુરની ટ્રાફિક સમસ્યાનો ઉકેલ લાવવા મુખ્યમંત્રીએ ખાત્રી આપી**

# પાલનપુરના ડેલીગેશને મુખ્યમંત્રી, વાહન વ્યવહાર મંત્રી અને ગુહમંત્રીને રૂબરૂ મળી રજુઆત કરી

પાલનપુર તા. ૩૦

પાલનપુર શહેરના આરોમાં સર્કલ પર ટ્રાફિક સમસ્યાના ઉકેલ લાવવા જન રજુઆત કરી હતી જેમાં મુખ્યમંત્રી એ પાલનપુરની ટ્રાફિક સમસ્યાનો ઉકેલ લાવવા ઈ ખાત્રી આપી હતી.



આંદોલન ચાલી રહ્યું છે અને ટ્રાફિક સમસ્યાના નિરાકરણ માટે વિવિધ સંગઠનના આગેવાનોએ મુખ્યમંત્રી ગૃહ મંત્રી અને માર્ગ મંત્રીને

પાલનપુર એરોમાં સર્કલમી ટ્રાફિક સમસ્યા શહેરીજનો અને આજુબાજુ ગામડામાંથી આવતા લોકો માથાના દુખાવા સમાન બની હોઈ લોકને ટ્રાફિક સમસ્યા છુટકારો અપાવવા શહેરના જાગૃત લોકોએ જન આંદોલન શરૂ કર્યું હતુ .જેમાં વિવધ એસોસિયસન, પબુધ્ધ નગરિકો જોડતા આંદોલન વેગવતું બન્યું હતી અને ટ્રાફિક ના પેચીદા પશ્નના હલ માટે કલેક્ટર,એસ.પી.ને આવેદનપત્ર અપાયા હતા .જે બાદ સોમવારે આંદોલનકારી આગેવાનો ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર ભાઈ પટેલને મળી રજુઆત કરતા તેમને ટ્રાફિક નિરાકરણ ની માંગ વાજબી ગણાવી તેઓ આ પરિસ્થિતિ થી વાકેફ છું તેમ કહી ટ્રાફિક પશ્ન સો ટકા હલ કરવા ની ખાત્રી આપી ત્વરિત વાહનવહવાર મંત્રી પુણેશભાઈ મોદીને બાયપાસ રસ્તા માટે ટેલિફોનિક વાત કરી હતી.

# અંબાજી-છાપરી માર્ગની કામગીરીમાં ભ્રષ્ટાચાર આચારાયો હોવાની બૂમ

**અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરની મિલીભગતથી ભ્રષ્ટાચારઃ વિજિલન્સની તપાસ કરાવવાર ઉગ્ર રજૂઆતો**

પાલનપુર તા. ૩૦

યાત્રાધામ અંબાજી થી છાપરી સુધી માર્ગ ની કામ કરવા માં આવ્યું છે .જે કામમાં કોન્ટ્રાક્ટર અને અધિકારીઓ ની મિલીભગત થી મોટો



ભ્રષ્ટાચાર આચરાયો હોવાની બૂમ ઉઠી છે .ત્યારે આ કામની વિજીલન્સ તપાસ કરવા ની લોકોમાં માંગ ઉગ્ર બનવા પામી છે. અંબાજીમાં રોડના કામમાં ગેરરીતી આચરતા કોન્ટ્રાક્ટર ને દરવખતે કામ આપવામાં આવે છે. જેમાં અંબાજી થી છાપરી સુધીમાં રોડ માં જે રેલીન્ગો નો ઉપયોગ કરાયો છે તે જૂની રેલિંગો નાખવામાં આવી છે. એ ક્યાંથી આવી તેની તપાસ કરવામા આવે તો મોટો ભ્રષ્ટાચાર બહાર આવી શકે તેમ છે .અંબાજીથી છાપરી માર્ગ પર બનેલા રોડ ની બંને બાજુ થોડા દિવસ અગાઉ જુનીરેલીંગ લગાવવામાં આવી હતી. આ હજુ સુધી નવીન રોડ ની સાઈડ પર આ જૂની રેલીંગ ક્યાંથી આવી તે તપાસ કરવામાં આવે તો મોટુ કૌભાંડ બહાર આવી શકે તેમ છે. જૂની ઍગલો કોન્ટ્રાક્ટર પાસે આટલી બધી ક્યાથી આવી અને તે રેલીંગ કોણે આપી તે તપાસ નો વિષય છે. આ રોડના કામમાં અધિકારી અને કોન્ટ્રાક્ટર ની મિલીભગત થી મોટુ કોભાંડ અચરાયું હોવાની લોકોમાં આશંકા વર્તાઈ રહી હોય તટસ્થ તપાસની માંગ ઉઠી છે.

# ડીસા-પાટણ હાઈવે ઉપરના હોલસેલ વેપારીઓ દ્વારા ટેક્સ ચોરીની બુમરાડ

**તંત્ર દ્વારા આકસ્મિક દરોડા પડાય તો ઘણી ચોંકાવનારી વિગતો ખુલી શકે**

ડીસા, તા.૩૦

ડીસા- પાટણ હાઈવે ઉપર આવેલા ગામડાઓના હોલસેલ વેપારીઓ ગ્રાહકોને પાકા બિલને બદલે કાચી ચબરખીઓ પધરાવી જીએસટી ટેક્સની મોટાપાયે ચોરી કરતાં હોવાની લોક રાડ ઉઠવા પામી છે.

સરકાર દ્વારા રાષ્ટ્રના નવ નિર્માણમાં નાના - મોટા તમામ વેપારીઓ યોગદાન આપે તે હેતુથી ટેક્સ ચૂકવવા માટે જીએસટીનો મજબૂત કાયદો બનાવવામાં આવ્યો છે પરંતુ કેટલાક વેપારીઓ કાયદાની છટકબારીઓનો બખૂબી ઉપયોગ કરી ટેક્સ ચોરી કરે છે. જેના અવનવા કિસ્સા આયેદિન અખબારો અને મીડિયામાં ચમકતાં રહે છે. ત્યારે ડીસા-પાટણ હાઈવે ઉપર આવેલ જુનાડીસા, આસેડા, ભાટસણ, કોઈટા, સમૌ, વદાણી, વાગડોદ સહિતના ગામડાઓમાં અનેક હોલસેલની દુકાનો અને બ્રાન્ડેડ કંપનીઓની એજન્સીઓ આવેલી છે. પરંતુ કેટલાક વેપારીઓ અભણ લોકોના ભોળપણનો ભરપૂર ફાયદો ઉઠાવી બિલના નામે કાચી ચિઠ્ઠી કે ચબરખી પધરાવી ખુલ્લેઆમ જીએસટી ટેક્સની ચોરી કરે છે. જેથી સરકારને કરોડો રૂપિયાનું નુકશાન ભોગવવું પડે છે.જેને ગંભીરતાથી લઈ તંત્ર દ્વારા આકસ્મિક રીતે ખાનગીમાં દરોડા પડાય તો માતબર રકમની ટેક્સ ચોરી સાથે અન્ય ચોંકાવનારી વિગતો પણ પ્રકાશમાં આવી શકે તેમ છે.

# પાલનપુર જુના આરટીઓ સર્કલથી એરોમા સર્કલ સુધીના માર્ગ પર ખાડે ખાડા

પાલનપુર તા. ૩૦

પાલનપુર જુના આરટીઓ સર્કલથી એરોમા સર્કલ સુધીના માર્ગ ઉપર ઠેર-ઠેર ખાડા પડી જતા વાહન ચાલકોમાં અકસ્માત થવાની ભિતી સેવાઈ રહી છે.તો બીજી તરફ પાલનપુર આબુ નેશનલ હાઈવે સાઈબાબા મંદિર નજીક રોડ પર મોટા ખાડા જોવા મળી રહ્યા છે.પાલનપુરમાં સામાન્ય વરસાદમાં એરોમા સર્કલથી આરટીઓ સર્કલ સુધીના માર્ગમાં ખાડા પડી જતા હોય છે.જેમાં ચોમાસની સિજન પુરી થયા બાદ તંત્ર દ્વારા માર્ગ ઉપરના ખાડા પુરવામાં આવ્યા હતા.પરંતુ તાજેતરમાં પાલનપુરમાં કમોસમી વરસાદ ના કારણે આરટીઓ સર્કલથી એરોમા સર્કલ સુધીના માર્ગ પર થોડાક-થોડાક અંતરે મસમોટા ખાડા પડી ગયા છે. તો બીજી તરફ પાલનપુર આબુ નેશનલ હાઈવે સાઈબાબાના મંદિર નજીક મસમોટા ખાડા પડવાને કારણે વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે જેના કારણે અકસ્માતની ભિતી સેવાઈ રહી છે.દિવસ દરમીયાન તો ખાડા નજરે પડતા હોવાથી વાહન ચાલકો પોતાનું વાહન સાવચેતીથી ખાડાઓને ટાળી વાહન ચલાવતા હોય છે.

## અરવલ્લીમાં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે માટે જીલ્લા કલેકટરએ પ્રતિબંધક હુકમો કર્યા

બાયડ તા.૩૦

ગુજરાતના રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયત ચૂંટણી ડિસેમ્બર-૨૦૨૧નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અરવલ્લી જીલ્લાની કુલ ૨૩૧ ગ્રામ પંચાયતો પર ચૂંટણી યોજાનાર છે. અને તે ગ્રામ પંચાયત ચૂંટણીનું મતદાન તા.૧૯ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ સવારના ૦૭.૦૦ વાગ્યાથી સાંજના ૦૬.૦૦ કલાક સુધી યોજાનાર છે. તેમજ જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૦ ડિસેમ્બર ૨૦૨૧ તથા ૨૧ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ મતગણતરી હાથ ધરાશે. જેથી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા જરૂરી શાંતિમય વાતાવરણમાં યોજાય તથા વિક્ષેપો ઉભા થાય નહિ તે જરૂરી છે. તેમજ ચૂંટણીના સરળ સંચાલન માટે જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવો આવશ્યક જણાતો હોઈ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ પગલા લેવાશે. જે અંતર્ગત અરવલ્લી જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ,૧૯૭૩ની કલમ ૧૪૪ની મળેલ સત્તાની રૂએ, અરવલ્લી જીલ્લામાં યોજાનાર ગ્રામ પંચાયતની ચૂંટણીના વિસ્તારમાં તારીખ ૨૫ ડિસેમ્બર સુધી અધિકૃત અને સક્ષમ અધિકારી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ચાર કરતા વધુ વ્યક્તિઓએ એકત્રિત થવું નહિ અથવા કોઈ સભા ભરવી નહિ કોઈ સરઘસ કાઢવું નહિ. સભા સરઘસની મંજૂરી આપવા માટે સક્ષમ અધિકારી તરીકે ગ્રામ્ય વિસ્તારોમાં જે તે મતદાર વિભાગના ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રીને અધિકૃત કરવામાં આવે છે. વધુમાં હાલમાં ચાલી રહેલ કોવીડ-૧૯ ની મહામારી સંદર્ભે ધ્વારા બહાર પાડવામાં આવેલ/બહાર પાડવામાં આવનાર નિયમો તેમજ ગાઈડ લાઈનનું ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે. સભા સરઘસનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચના હિસાબોમાં ઉમેરવાનો રહેશે. આ હુકમ ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિને તેમજ સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તેવી વ્યક્તિને લાગુ પડશે નહિ. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સહિતા,૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષા પાત્ર થશે. આ જાહેરનામું ચૂંટણી જાહેર થયેલ તારીખથી ૨૫ ડિસેમ્બર ૨૦૨૧ સુધી અમલમાં રહેશે.

# ભર શિયાળે વાદળછાયું વાતાવરણ સર્જાતા ખેડુતો,પશુ પાલકો અને પ્રજાજનો ચિંતાતુર

**સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા, વિજયનગર તાલુકામાં કમોસમી વરસાદના એધાંણ વર્તાયા : લગ્નસરાની સિઝન દરમ્યાન વાઈરલ બિમારીઓનું પ્રમાણ વધશે**

ભિલોડા,તા.૩૦

દિન-પ્રતિ-દિન વૃક્ષોનું નિકળી રહ્યું છે સાથે-સાથે પ્રદૂષિત વાતાવરણના કારણે ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરો વર્તાતા વારંવાર વાતાવરણમાં પલ્ટો આવતા ખેડુતો, પશુ પાલકો અને પ્રજાજનો હેરાન પરેશાન થઈ રહ્યા છે.સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા,વિજયનગર તાલુકામાં ભર શિયાળે અષાઢી માહોલ પ્રવર્તતી રહ્યો છે.વાદળછાયું વાતાવરણ સર્જાયું હોય ત્યારે વાઈરલ બીમારીઓનું પ્રમાણ વધશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે ખેડુતો,પશુ પાલકો અને પ્રજાજનો ચિંતાતુર જોવા મળે છે.

ધઉં,ચણા,રાયડો,વરીયાળી,બટાટા તેમજ ધાસચારાના વાવેતર ની શરૂઆત ટાંણે જ વાતાવરણમાં એકા-એક પલ્ટો આવતા કમોસમી વરસાદના એધાંણ વર્તાઈ રહ્યા છે.

હવામાન વિભાગની મોટી આગાહી મુજબ ફરી એક વાર ગુજરાત રાજ્યભરમાં કમોસમી માવઠાનું સંકટ ઉદ્ભવી રહ્યું છે તેવા સંજોગોમાં શિયાળાની કડકડતી ઠંડીની શરૂઆત દરમ્યાન વરસાદની આગાહી,વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ગુજરાતભરમાં કમોસમી વરસાદ પડશે અને ૪૦ થી ૬૦ કિલોમીટર ની ગતિએ ફૂંકાશે પવન દક્ષિણ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં વરસાદ પડશે ખેડુતોના માથે આફતના એધાંણ વર્તાઈ રહ્યા છે.

કમોસમી વરસાદની આગાહી વચ્ચે સલામતીના ભાગરૂપે ખેડુતોએ ધાસચારો સહિત ધાન્ય પાકોને સત્વરે સલામત સ્થળે ખસેડી દેવા હીતાવહ છે.

લગ્નસરાની સિઝન દરમ્યાન વાદળછાયું વાતાવરણ સર્જાયું હોય ત્યારે કમોસમી વરસાદ વરસી જવાની સંભાવના વચ્ચે અત્રે ઉલ્લેખનીય છે કે જેમના ધરે લગ્નના મંડપ બંધાઈ ગયા છે તેઓ ભારે ઉચાટ અનુભવી રહ્યા છે.

જમ્મુ - કાશ્મીરમાં ઠંડીનો ચમકારો વધતા તાપમાન શૂન્યથી નીચે નોંધાઈ રહ્યું છે ત્યારે સપ્તાહના અંતમાં ગાત્રો થીજવતી કાતિલ તીવ્ર ઠંડીનો ચમકારો વધશે ત્યારે બજારમાં ગરમ વસ્ત્રોની માંગ વધશે ત્યારે બજારમાં વેપારીઓને સારી ધરાકી જોવા મળશે તેમ વેપારીઓએ જણાવ્યું હતું.

## જન્મદિને વધામણી



પૂનમ આર.પટેલ
કઠવાડા તા.તલોદ



ઉમેશભાઈ સોની
બાયડ



દેવેન્દ્ર એમ.પ્રજાપતિ
આકુંદ તા. બાયડ



વત્સલ ચૌધરી
બાયડ



અમૃતભાઈ કે.પટેલ
વડાગામ તા.ધનસુરા



જગદીશભાઈ બારોટ
વ્રજ ગાર્ડન સોસાયટી
બાયડ



ભગવતીબેન
કમલેશકુમાર પટેલ
પુંસરી તા.તલોદ



પરમાર વિરેન્દ્રસિંહ
પ્રવિણસિંહ
બાયડગામ



જગદીશભાઈ જી.પટેલ
રોનક ટાઇલ્સ
બાયડ



ભાવેશ કમલેશભાઈ ધોબી
૪૧, શ્રીજી સોસાયટી,
બાયડ

## માવઠાની શક્યતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લીધે આકાશી નઝારો બદલાયો હતો જયારે સવારથી જ મોસમમાં બદલાવ જોવા મળ્યો હતો. હવામાન તજજ્ઞોના જણાંવ્યા મુજબ ડિસેમ્બર મહીનાની શરૂઆતમાં માવઠુ થવાની સંભાવના છે. જેની અસર આગળના દિવસોથી વર્તાઇ રહી છે. ગઈકાલની સાપેક્ષમાં ભેજના પ્રમાણમાં પણ નહીંવત વધારો જોવા મળ્યો હતો. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૧.૮ ડીગ્રી રહેતા દિવસે વાદળિયા વાતાવરણ વચ્ચે પણ નગરજનોએ ગરમી અનુભવી હતી. જો કે ગઈકાલે રાત્રિથી જ વાતાવરણ પલ્ટાની અસર શરૂ થઇ ગઈ હતી. જેના લીધે રાત્રિના સમયે સુસવાટા મારતા પવનથી ઠંડક પ્રસરી હતી. પરંતુ લઘુત્તમ તાપમાન ૦.૫ ડીગ્રીના વધારા સાથે ૧૬.૫ ડીગ્રી રહ્યુ હતુ. વાદળિયા વાતાવરણથી નગરનો નઝારો બદલાયો હતો. ખુશ્નુમા મોસમની અસરથી જનજીવન પ્રભાવિત થયુ હતુ. એકબાજુ ઠંડીની મોસમ હજુ જામતી નથી ઠંડીનો પારો પણ છેલ્લા ઘણાં સમયથી ૧૨ ડીગ્રીની ઉપર રહે છે. શહેરમાં અત્યાર સુધી સિઝનની મહત્તમ ઠંડી ૧૧ ડીગ્રી સુધી પહોંચી છે જયારે હાલ ઠંડીના બદલે વાદળિયા વાતાવરણ વચ્ચે માવઠુ પડવાની સંભાવના છે. તા ૧ અને ૨ ડિસેમ્બર દરમિયાન વાતાવરણ પલ્ટા સાથે કમોસમી વરસાદ થવાની સંભાવનાથી મોસમનો મિજાજ બદલાશે તેવી પણ સંભાવના હવામાન તજજ્ઞોએ વ્યકત કરી છે. ભર શિયાળે ઠંડી પડવાના દિવસોમાં વરસાદી વાયરો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. માવઠાની સંભાવનના લીધે ખેડુતોમાં પણ ચિંતાનુ મોજુ પ્રવર્તયુ છે. થોડા દિવસો અગાઉ પણ વરસાદી છાંટણાના લીધે મોસમનો નઝારો બદલાયો હતો. ત્યારબાદ એકદા વાર ઠંડીનો પારો ઉંચે ચઢયો હતો. પરંતુ છેલ્લા ઘણાં સમયથી ઠંડીનુ જોર ઘટી ગયુ છે. અગાઉ લઘુત્તમ તાપમાન ૨૨ ડીગ્રી પહોંચી ગયુ હતુ. જેની સાથે મહત્તમ તાપમાન પણ ૩૦ ડીગ્રીની ઉપર રહે છે. જેના લીધે વાતાવરણમાં ઠંડીની નહીંવત અસર વચ્ચે દિવસે ગરમી અનુભવતા નગરજનો હવે વારંવાર માવઠાથી વરસાદી વાયરાનો પણ અનુભવ કરી રહ્યા છે.

## સદસ્ય નિવાસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડાઈનીંગ રૂમ, ડ્રાઈવર રૂમ સહીતની સુવિધા રહેશે. જયારે દરેક ટાવરમાં બે લીફટની સગવડ પણ રહેશે આ ઉપરાંત એન્ટ્રી અને એકઝિટને અનુલક્ષી ચાર ગેઈટ બનશે. અદ્યતન સુવિધા ધરાવતા આ આવાસોની સાથે સુંદર એમિનિટઝ પણ ઉભી કરાશે. જે અન્વયે લેન્ડ સ્કેપીંગ , પ્લે એરિયા, એક ઓડિટોરિયમ હેલ્થ ક્લબ , કેન્ટીન સહીતની સુવિધા પણ ઉપલબ્ધ થશે. સે-૧૭ માં એમ એલ એ કવાટર્સ તૈયાર કરવાની યોજના અન્વયે સદસ્ય નિવાસ સમિતિએ મકાનમાં બિલ્ડ એરિયા વધારવા માટે માંગણી કરી હતી જયારે માર્ગ મકાન મંત્રી પુર્ણેશ મોદીએ આ બાબતે સૈધ્ધાંતિક મંજુરી આપી દીધી છે. જયારે સ્થળ મુલાકાતના અંતે મળેલી સમિક્ષા બેઠક દરમિયાન સદસ્ય નિવાસની યોજના અન્વયે આગામી બજેટ સત્ર દરમિયાન ભુમિપુજન કરવાનો પણ નિર્ણય કરાયો હતો.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧